AXIS BANK

# <u>નિયમો અને શરતો</u>

આ નિયમો અને શરતો WhatsApp ના એવા યૂઝર (અહીં પછી વ્યાખ્યાયિત) પર લાગુ પડે છે જેઓ એક્સિસ બેંક લિમિટેડ ("**બેંક**") દ્વારા પ્રદાન કરેલી સેવાઓનો લાભ લે છે તેમજ ચોક્કસ પસંદગીની બેંકિંગ સેવાઓ માટે પાત્ર છે અને તેમાં બેંક દ્વારા સમયાંતરે કોઈપણ સુધારાઓ/ ફેરફારો/ બદલાવો શામેલ હોવાનું માનવામાં આવશે ("**નિયમો અને શરતો**").

**1. વ્યાખ્યાઓ અને અર્થઘટન**

"**ખાતું**" એટલે બચત અને/અથવા ચાલુ ખાતું અને/અથવા ફિક્સ્ડ ડિપોઝિટ અને/અથવા લોન ખાતું અને/અથવા કાર્ડ અથવા ગ્રાહક દ્વારા બેંકમાં રાખેલ કોઈપણ અન્ય પ્રકારનું ખાતું.

"**ખાતા સંબંધિત સેવાઓ**" નો અર્થ બેંકના ગ્રાહકના ખાતા સંબંધિત માહિતી જેમ કે બૅલેન્સ પૂછપરછ, સ્ટેટમેન્ટની વિનંતી વગેરેથી સંબંધિત સેવાઓ હશે, જે બેંક દ્વારા સમયાંતરે, તેના સંપૂર્ણ વિવેકાધિકારથી સક્ષમ કરી શકાય છે-

"**બેંક રજિસ્ટર્ડ નંબર**" એ બેંકનો અધિકૃત નંબર છે, જે અહીં સેવાઓ પ્રદાન કરવાના હેતુઓ માટે WhatsApp સાથે રજિસ્ટર્ડ છે.-

"**ગ્રાહક**" નો અર્થ બેંક સાથે ખાતું ધરાવતી કોઈપણ વ્યક્તિથી હશે.

"ગ્રાહકનો **રજિસ્ટર્ડ મોબાઇલ નંબર**" એ મોબાઇલ નંબર છે જે ગ્રાહકે બેંક સાથે રજિસ્ટર કરેલ છે. -

"**ડિવાઇસ**" એટલે કમ્પ્યુટર, લૅપટૉપ, મોબાઇલ ફોન, ટૅબ્લેટ અથવા અન્ય કોઈપણ સમાન ડિવાઇસ જે યૂઝરને WhatsApp ઍક્સેસ કરવા અને સેવાઓનો ઉપયોગ કરવામાં સક્ષમ બનાવે છે.

"**એક તરફી સંદેશાવ્યવહાર**" એટલે બેંક દ્વારા WhatsApp પર યૂઝરને પ્રદાન કરવામાં આવતી સેવા, જ્યાં બેંક તેના વિવેકાધિકારથી તેના રજિસ્ટર્ડ નંબર દ્વારા માહિતી, ઍલર્ટ, અપડેટ, ગ્રાહકના ખાતાના સંબંધમાં ટ્રાન્ઝૅક્શન ઍલર્ટ અને બેંક સમયાંતરે સક્ષમ કરી શકે તેવા અન્ય સંદેશાવ્યવહારના સ્વરૂપમાં તેના યૂઝરને એક તરફી મેસેજ મોકલે છે.

"**ગોપનીયતા નીતિ**" નો અર્થ અહીં કલમ 12 માં આપેલ શબ્દને અનુરૂપ હશે;

"**સેવા(ઓ)**" નો અર્થ બેંક દ્વારા પોતે અથવા તેના કોઈપણ સેવા પ્રદાતા દ્વારા, Whats App પર કોઈ યૂઝરને પ્રદાન કરેલ એક તરફી સંદેશાવ્યવહાર અને બે તરફી સંદેશાવ્યવહાર સેવાઓ થશે.

"**બે તરફી સંદેશાવ્યવહાર**" નો અર્થ બેંક દ્વારા WhatsApp પર યૂઝરને પ્રદાન કરેલ સેવા થશે, જ્યાં યૂઝર બેંક રજિસ્ટર્ડ નંબર પર બેંકને વિનંતીઓ કરવા, માહિતી માંગવા, પ્રશ્નો પૂછવા વગેરેના સ્વરૂપમાં તેને મેસેજ મોકલીને બેંક સાથે વાતચીત કરી શકે છે અને જ્યાં બેંક આવા મેસેજનો જવાબ આપે છે.

જો કે, આ સેવા અને બેંકનો પ્રતિસાદ માત્ર આવા પ્રશ્નો, માહિતી, વિનંતીઓ વગેરે સુધી જ મર્યાદિત રહેશે, જે બેંક દ્વારા સમયાંતરે પોતાના સંપૂર્ણ વિવેકાધિકાર મુજબ નિર્ધારિત કરવામાં આવી શકે છે.

"**યૂઝર**" નો અર્થ બેંકના રજિસ્ટર્ડ નંબરનો ઉપયોગ કરીને / બેંક દ્વારા WhatsApp મારફત પ્રદાન કરેલ સેવાઓનો ઉપયોગ કરીને WhatsApp પર બેંક સાથે વાતચીત કરતા બેંકના ગ્રાહક અથવા કોઈપણ અન્ય વ્યક્તિ થશે.

"**યૂઝરની માહિતી**" નો અર્થ વ્યક્તિગત ડેટા કે માહિતી અથવા આવા અન્ય ડેટા કે માહિતી છે, જેમાં યૂઝરને સંબંધિત કોઈપણ સંવેદનશીલ વ્યક્તિગત ડેટા જેમ કે યૂઝરના ખાતાના બૅલેન્સ સંબંધિત માહિતી, યૂઝર દ્વારા શેર કરેલ અથવા બેંક દ્વારા યૂઝરને પ્રદાન કરેલ માહિતી અથવા યૂઝર પાસેથી અથવા WhatsApp પાસેથી અથવા આવા કોઈપણ સ્ત્રોતમાંથી યૂઝર દ્વારા અહીં સેવાઓનો લાભ લેતી વખતે એકત્રિત કરેલ કે મેળવેલ માહિતીનો સમાવેશ થાય છે.

"**WhatsApp**" એ WhatsApp Inc., 1601 વિલો રોડ, મેનલો પાર્ક, કેલિફોર્નિયા 94025 દ્વારા પ્રદાન કરેલી એપ્લિકેશન છે.

પુરુષ જાતિના સંદર્ભમાં સ્ત્રી, નાન્યતર જાતિનો સંદર્ભ સમાવિષ્ટ છે અને તેનાથી વિપરીત પણ એટલું જ ખરું છે.

**2. સેવાઓનો ઉપયોગ કરવા માટેની પાત્રતા**

યૂઝર આથી સંમત થાય છે અને બાંયધરી આપે છે કે જો તેઓ નીચે આપેલ પાત્રતાને પૂર્ણ કરે તો જ આ સેવાઓનો ઉપયોગ કરશે અને અન્યથા આ સેવાઓનો ઉપયોગ કરશે નહીં:

(i) યૂઝર એક વ્યક્તિ છે;

(ii) યૂઝર વયસ્ક છે; અને

(iii) યૂઝર સ્વસ્થ મનના, સદ્ધર અને કરાર કરવા સક્ષમ છે;

## 3. સેવાઓ

યૂઝર સ્વીકારે છે કે બેંક પોતાના વિવેકાધિકારથી સમય સમય પર પરવાનગી આપી શકે માત્ર તેવી સેવાઓ જ બેંક પ્રદાન કરવાનો અધિકાર અનામત રાખે છે. બેંક પોતાના સંપૂર્ણ વિવેકાધિકારથી કોઈપણ ચોક્કસ સેવાની ઉપલબ્ધતા/બિન-ઉપલબ્ધતા અંગે પણ સલાહ આપી શકે છે. યૂઝર આથી સંમત થાય છે કે બેંક કોઈપણ સમયે, યૂઝરને સૂચના આપ્યા વિના, યૂઝરને પ્રદાન કરેલી સેવાઓમાં બદલાવ, બંધ અથવા ઉમેરો/કમી કરી શકે શકે છે. યૂઝર સંમત થાય છે કે જો યૂઝર દ્વારા મોકલેલ કોઈ મેસેજ બેંકને તેની સિસ્ટમમાં આ અંગે કોઈ સૂચના પ્રાપ્ત ન થાય અથવા યૂઝર દ્વારા મોકલવામાં આવેલ મેસેજ બેંકના આવશ્યક ફોર્મેટમાં ન હોય અથવા તે સમયે બેંક દ્વારા ઑફર કરવામાં આવતી સેવાઓ હેઠળ ના આવે અથવા તકનીકી કારણોસર અથવા અન્યથા અથવા કોઈપણ કારણસર બેંકને આવા મેસેજ પ્રાપ્ત ના થાય, તો તેઓ યૂઝર દ્વારા માંગવામાં આવેલ માહિતી /તેમના પ્રશ્નોનો જવાબ ન આપવા અથવા યૂઝરની સંતુષ્ટિ મુજબ પ્રતિસાદ ન આપવા અથવા યૂઝરની કોઈપણ વિનંતી પર પ્રક્રિયા ન કરવા બદલ બેંકને જવાબદાર ઠેરવશે નહીં. આ પ્લેટફોર્મ દ્વારા કોઈપણ છેતરપિંડી અથવા ખોટી ઓળખ ધારણ કરવાની ઘટનાઓના કિસ્સામાં બેંકની કોઈ જવાબદારી રહેશે નહીં. વધુમાં, જો બેંક ટ્રાન્ઝેક્શનની પ્રકૃતિમાં કોઈપણ સેવાની પરવાનગી આપે છે, તો યૂઝર સંમત થાય છે કે આવી સેવા વૈધાનિક/નિયમનકારી મર્યાદાઓ અને/અથવા બેંક દ્વારા સમયાંતરે, તેના સંપૂર્ણ વિવેકાધિકારથી લાગુ કરી શકાય તેવી કોઈપણ મર્યાદાને આધિન રહેશે.

## 4. રજિસ્ટ્રેશન અને ચકાસણી

a. એક તરફી સંદેશાવ્યવહાર સેવાનો લાભ લેવા માટે, યૂઝર દ્વારા અહીં ઉલ્લેખિત સેવાઓનો લાભ લેવા માટે યૂઝરને લાગુ પડતી બેંકની ગોપનીયતા નીતિ સ્વીકારવામાં આવી હોવાનું માનવામાં આવશે.

b. બે તરફી સંદેશાવ્યવહાર સેવાનો લાભ લેવા માટે, યૂઝર દ્વારા (a) અહીં ઉલ્લેખિત સેવાઓનો લાભ લેવા માટે યૂઝરને લાગુ પડતા નિયમો અને શરતો; અને (b) અહીં ઉલ્લેખિત સેવાઓનો લાભ લેવા માટે યૂઝરને લાગુ પડતી બેંકની ગોપનીયતા નીતિ સ્વીકારવામાં આવી હોવાનું માનવામાં આવશે.

એ શરતે કે, બેંક પોતાના સંપૂર્ણ વિવેકાધિકારથી, કોઈપણ સમયે, એક તરફી સંદેશાવ્યવહાર અને/અથવા બે તરફી સંદેશાવ્યવહાર માટે યૂઝરના પ્રમાણીકરણ, રજિસ્ટ્રેશન અને/અથવા ચકાસણી માટેની પ્રક્રિયામાં સુધારો કરી શકે છે. એ શરતે કે, જો સેવાઓ માટે કોઈ વિનંતી બેંક રજિસ્ટર્ડ નંબર પરના WhatsApp પર આવે છે, તો બેંકને ગ્રાહક અથવા યૂઝરને પ્રમાણિત કરવાની જરૂર રહેશે નહીં, અને ગ્રાહકના કિસ્સામાં, જો વિનંતીકર્તાના મોબાઇલમાં પ્રતિબિંબિત નંબર ગ્રાહકનો રજિસ્ટર્ડ નંબર હોય, તો બેંક એ માનવા માટે હકદાર રહેશે કે તે ગ્રાહક પોતે જ છે જે WhatsApp દ્વારા વાતચીત કરે છે અને અન્ય કોઈપણ યૂઝરના કિસ્સામાં બેંક એવું માનવા માટે હકદાર રહેશે કે WhatsApp પ્રોફાઇલમાં પ્રતિબિંબિત નંબર યૂઝરનો નંબર છે અને તે પોતે જ યૂઝર છે અને બેંકના રજિસ્ટર્ડ નંબર સાથે વાતચીત કરનાર કોઈ અન્ય વ્યક્તિ નથી.

## 5. નિયમો અને શરતોની પ્રયોજ્યતા તેમજ બેંકને ઑથૉરિટી

યૂઝર અહીં સ્વીકારે છે અને સંમત થાય છે કે WhatsApp પરની તમામ સેવાઓ અને સંદેશાવ્યવહાર (એક તરફી સંદેશાવ્યવહાર અને બે તરફી સંદેશાવ્યવહાર, બંને), બેંક દ્વારા કે યૂઝર દ્વારા શરૂ કરેલ હોય, તે આ નિયમો અને શરતો દ્વારા સંચાલિત કરવામાં આવશે અને તેને આધિન રહેશે. વધુમાં, યૂઝર અહીં સંમત થાય છે કે યૂઝર તેના બેંક રજિસ્ટર્ડ નંબર પર WhatsApp પર યૂઝર દ્વારા વિનંતી કરેલી સેવાઓ કરવા માટે બેંકને અભિવ્યક્ત ઑથૉરિટી પ્રદાન કરે છે. એકવાર એક તરફી સંદેશાવ્યવહાર માટે રજિસ્ટ્રેશન કર્યા પછી અથવા WhatsApp દ્વારા કોઈપણ WhatsApp યૂઝર પાસેથી તેના બેંક રજિસ્ટર્ડ નંબર પર કોઈપણ વિનંતી/ સંદેશ પ્રાપ્ત થયા પછી યૂઝરને પ્રમાણિત કરવા અથવા કોઈપણ યૂઝરની ઓળખની ચકાસણી કરવા માટે બેંકની કોઈ જવાબદારી રહેશે નહીં. બેંકનો પોતાનો રેકોર્ડ અથવા કમ્પ્યુટર સિસ્ટમ દ્વારા જાળવવામાં આવેલા ટ્રાન્ઝેક્શનનો લૉગ અથવા અન્યથા તમામ હેતુઓ માટે નિર્ણાયક અને બંધનકર્તા તરીકે સ્વીકારવામાં આવશે.

## 6. જવાબદારીઓ અને ભૂમિકાઓ

યૂઝર બિનશરતી અને અફર રીતે નીચેની બાબતો સાથે સંમત થાય છે:
a. એક તરફી સંદેશાવ્યવહાર અને બે તરફી સંદેશાવ્યવહાર બંને હંમેશા આ નિયમો અને શરતો દ્વારા સંચાલિત કરવામાં

આવશે અને તેને આધિન રહેશે.

b. તેમને પ્રદાન કરેલી તમામ સેવાઓ લાગુ કાયદા અને ભારતીય રિઝર્વ બેંક અને/અથવા કોઈપણ નિયમનકારી/વૈધાનિક/સરકારી ઑથૉરિટી દ્વારા સમયાંતરે રજૂ કરાયેલ અથવા સુધારેલ નિયમો, નિયમનો, નોટિફિકેશન, પરિપત્રો અને માર્ગદર્શિકાને આધિન છે.

c. યૂઝર બેંકને સેવાઓની અને/અથવા બેંકની અન્ય કોઈપણ જવાબદારીઓની પૂર્તિ કરવા માટે બેંક દ્વારા જરૂરી માહિતી અને/અથવા સહાય પ્રદાન કરશે. વધુમાં, સેવાઓ સંબંધિત તમામ સૂચનાઓ ફોર્મ અને કન્ટેન્ટમાં બેંકને સંતોષકારક રીતે જારી કરવામાં આવશે.

d. રિલેશન કાર્ડ, લોન વગેરે સહિત ખાતા સંબંધિત સેવાઓ (બેંકના સંપૂર્ણ વિવેકાધિકાર પર) ગ્રાહકોને WhatsApp પ્લેટફોર્મ દ્વારા માત્ર ગ્રાહકના રજિસ્ટર્ડ નંબર સાથે સંકળાયેલા WhatsApp ખાતામાં પ્રદાન કરવામાં આવશે.

e. કે બેંક સમયાંતરે સેવાઓનો લાભ લેવા અને/અથવા સેવાઓના રજિસ્ટ્રેશન માટે જરૂરી ડિવાઇસ પર ઑપરેટિંગ સિસ્ટમના વર્ઝનની સલાહ આપી શકે છે. ઑપરેટિંગ સિસ્ટમના તમામ વર્ઝનને સપોર્ટ કરવા માટે બેંક પર કોઈ જવાબદારી રહેશે નહીં. યૂઝર સંમત થાય છે કે યૂઝર સમયાંતરે કોઈપણ સૉફ્ટવેર, હાર્ડવેર અને ઑપરેટિંગ સિસ્ટમને અપગ્રેડ કરવા માટે જવાબદાર રહેશે જેથી બેંક સાથે સુસંગત બને. બેંક સમયાંતરે તેના સૉફ્ટવેર, હાર્ડવેર, ઑપરેટિંગ સિસ્ટમ વગેરેને બદલવા, ફેરફાર કરવા અથવા અપગ્રેડ કરવા માટે સ્વતંત્ર રહેશે અને યૂઝર દ્વારા ઉપયોગમાં લેવાતા સૉફ્ટવેર, હાર્ડવેર, ઑપરેટિંગ સિસ્ટમને સપોર્ટ કરવા માટે જવાબદાર રહેશે નહીં અને તે જ યૂઝરની એકમાત્ર જવાબદારી રહેશે કે તેઓ સેવાઓનો ઉપયોગ ચાલુ રાખી શકશે.

f. કે યૂઝર અહીં પ્રદાન કરેલી સેવાઓની કોઈપણ સામગ્રી અથવા ડિઝાઇન તત્વોનું વાણિજ્યિક હેતુઓ માટે પુનરુત્પાદન, કૉપી અથવા પુનઃવિતરણ કરશે નહીં.

g. કે યૂઝર આ સેવા દ્વારા કોઈપણ કન્ટેન્ટ સબમિટ અથવા ટ્રાન્સમિટ કરશે નહીં, જે નીચે મુજબ હોય:

1. અશ્લીલ, અભદ્ર, અથવા પોર્નોગ્રાફિક, અનૈતિક, ગેરકાયદેસર, ગેરકાનૂની, નીતિ વિરોધી, અસામાજિક વગેરે.;
2. કોઈ અપરાધ અથવા કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કરવા માટે પ્રોત્સાહિત કરે;
3. ભારતમાં કોઈપણ રાજ્ય અથવા સંઘીય કાયદા અને/અથવા તમે જે અધિકારક્ષેત્રમાં રહો છો તેનું ઉલ્લંઘન કરે;
4. થર્ડ પાર્ટીની બૌદ્ધિક સંપદા અથવા કૉપિરાઇટનું ઉલ્લંઘન કરે; અથવા
5. યૂઝર અથવા અન્ય કોઈપણ વ્યક્તિથી સંબંધિત ગોપનીય માહિતી અને/અથવા વ્યક્તિગત અથવા સંવેદનશીલ માહિતી/ડેટાનું ગઠન કરે.

h. બેંકના સંપૂર્ણ વિવેકાધિકાર મુજબ, બેંકના આંતરિક નિયમોનું ઉલ્લંઘન કરતી અથવા અયોગ્ય તેમજ નૈતિક અધોગતિ સમક્ષ હોય તેવી કોઈપણ કન્ટેન્ટ અથવા યૂઝર દ્વારા કરવામાં આવેલ સબમિશનને, તેના સંબંધમાં કોઈપણ જવાબદારી લીધા વિના અથવા યૂઝરને કોઈપણ પૂર્વ ચેતવણી આપ્યા વિના, બેંકને તે કાઢી નાંખવાનો અથવા અન્યથા હટાવવાનો અબાધિત અધિકાર છે.

i. બેંક દ્વારા WhatsApp પર મોકલેલા પ્રતિસાદ બૅક-એન્ડ પર ચાલતા પ્રોગ્રામ પર આધારિત છે. આ પ્રોગ્રામને પ્રશ્નોના શક્ય હોય તેટલા શ્રેષ્ઠ નિરાકરણ કરવા માટે નિયમિતપણે વિકસિત કરવામાં આવ્યો છે અને ઉન્નત કરવામાં આવ્યો છે. તેમ છતાં, યૂઝરને સંતોષકારક ન લાગતા કોઈપણ જવાબો માટે અથવા તેનાથી ઉદ્ભવતી કોઈપણ અચોકસાઈ માટે, બેંકને જવાબદાર માનવામાં આવશે નહીં.

j. બેંકની એક તરફી સંદેશાવ્યવહાર સેવાને સબસ્ક્રાઇબ કરીને, યૂઝર પોર્ટફોલિયો હોલ્ડિંગ, ટ્રાન્ઝૅક્શનની વિગતો, વેલ્યૂ એડેડ સબસ્ક્રિપ્શન, ઍલર્ટ, નોટિફિકેશન સેવા વગેરે સહિત WhatsApp દ્વારા તેના વ્યક્તિગત નોટિફિકેશન/ઍલર્ટ/સ્વીકૃતિ મેળવવા માટે સંમત થાય છે. યૂઝર WhatsApp દ્વારા બેંકમાં રજિસ્ટર્ડ તેમના મોબાઇલ નંબર પર ખાતા અને ટ્રાન્ઝૅક્શન ઍલર્ટ નોટિફિકેશન, નિયમનકારી અપડેટ, વ્યક્તિગત ઑફર, નવી પ્રૉડક્ટ સુવિધાઓ વગેરે સહિત નોટિફિકેશન પ્રાપ્ત કરવા માટે પણ સંમત થાય છે. વધુમાં, WhatsApp પર એક તરફી સંદેશાવ્યવહાર સેવામાં રજિસ્ટર કરીને, યૂઝર બેંકને નાણાંકીય અથવા બિન-નાણાંકીય ટ્રાન્ઝૅક્શન માટે WhatsApp અને/અથવા એસએમએસ અને/અથવા ઇમેઇલ પર ઉપરોક્ત ઍલર્ટ મોકલવા માટે અધિકૃત કરે છે, બેંકના સંપૂર્ણ વિવેકાધિકારથી અને બેંક આ ઍલર્ટને એસએમએસ અથવા અન્ય કોઈપણ ચૅનલ પર મોકલવાનું

બંધ કરી શકે છે.

k. યૂઝર સમજે છે કે WhatsApp નો ઉપયોગ કરવાથી અતિરિક્ત જોખમો થઈ શકે છે. વધુમાં, WhatsApp પર એક્સચેન્જ કરેલ કોઈપણ મેસેજ અને માહિતી થર્ડ પાર્ટી દ્વારા વાંચી શકવા, દખલગીરી, અવરોધિત અથવા છેતરપિંડી કરવાના જોખમને આધિન રહેશે અથવા અન્યથા થર્ડ પાર્ટી દ્વારા છેડછાડ કરવાને આધિન અથવા ટ્રાન્સમિશનમાં વિલંબને આધિન રહેશે. આ સેવાનો ઉપયોગ કરવાથી અથવા તેના સંબંધમાં ઉદ્ભવતા પરિણામો માટે બેંક તમારા અથવા કોઈપણ થર્ડ પાર્ટી માટે જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે નહીં.

l. યૂઝર જાણે છે કે બેંક માટે સેવાની કાર્યક્ષમતાઓ વિશે વિગતવાર માહિતી આપવી શક્ય નથી. આ સેવાનો ઉપયોગ કરવાથી અથવા તેના સંબંધમાં ઉદ્ભવતા પરિણામો માટે બેંક તમારા અથવા કોઈપણ થર્ડ પાર્ટી માટે જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે નહીં.

m. યૂઝર જાણે છે કે WhatsApp જેવી મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે પ્રમાણીકરણ તકનીકો અને કઠોર સુરક્ષા પગલાં જરૂરી છે. યૂઝર બેંકના કર્મચારીઓ અને ડીલર સહિત કોઈપણ થર્ડ પાર્ટીને પોતાનો પાસવર્ડ જાહેર ન કરવાની ખાતરી કરવાનું વચન આપે છે. આ સેવાઓનો ઉપયોગ કરતી વખતે યૂઝર અને બેંક વચ્ચે આપ-લે કરેલા તમામ સંદેશાવ્યવહાર માટે યૂઝર સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

n. યૂઝર સમજે છે કે તેમનું ડિવાઇસ અમુક જોખમો માટે સંવેદનશીલ છે, જેમ કે, પરંતુ આટલે સુધી જ મર્યાદિત ના રહેતા, અનધિકૃત (i) ઍક્સેસ, જે ઘૂસણખોરો દ્વારા આવા ડિવાઇસ પર રહેલા ડેટા/માહિતીનો હોઈ શકે; (ii) ઓળખની ચોરી; (iii) ગોપનીયતા ઉલ્લંઘન; (iv) રીતે સ્ટેલ્થ સૉફ્ટવેર, માલવેર, વાઇરસ વગેરેને દાખલ કરવા; (v) રીતે કામગીરીને અક્ષમ કરવી અથવા વિકૃત કરવી; (vi) રીતે એન્ક્રિપ્ટેડ ડેટા/મેસેજ વગેરેના ટ્રાન્સમિશનમાં હસ્તક્ષેપ. આ સેવાનો ઉપયોગ કરવાથી અથવા તેના સંબંધમાં ઉદ્ભવતા પરિણામો માટે બેંક તમારા અથવા કોઈપણ થર્ડ પાર્ટી માટે જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે નહીં. યૂઝર દ્વારા સેવાઓ માટેના રજિસ્ટ્રેશનને હટાવીને તરત જ સેવાઓમાંથી બહાર નીકળી જવાનું રહેશે.

o. યૂઝર પોતાના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર સાથે લિંક કરેલ તેમના WhatsApp ખાતાની સલામતી સુરક્ષા રાખવા માટે જવાબદાર છે અને બેંક કોઈપણ રીતે યૂઝરના આ ખાતાની સલામતી સુરક્ષા માટે જવાબદાર અને ઉત્તરદાયી રહેશે નહીં.

p. યૂઝર દ્વારા યોગ્ય નેટવર્ક કનેક્શન સુનિશ્ચિત કરવાનું રહેશે અને યૂઝર દ્વારા મેસેજની પ્રાપ્તિ નેટવર્ક કનેક્શનને આધિન રહેશે અને બેંક તરફથી પ્રતિસાદમાં કોઈપણ વિલંબ, મોકૂફી, વિક્ષેપ અથવા પ્રાપ્ત ન થવા બદલ બેંકને જવાબદાર અને ઉત્તરદાયી ગણવામાં આવશે નહીં.

q. યૂઝર જાણે છે કે કોઈપણ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં ઘણા અનિશ્ચિત પરિબળો અને જટિલ સૉફ્ટવેર, હાર્ડવેર, સિસ્ટમ્સ વગેરેનો સમાવેશ થાય છે જે અવરોધો અને વિક્ષેપો પ્રત્યે સંવેદનશીલ હોય છે. બેંક એવી કોઈ રજૂઆત કે વૉરંટી આપતી નથી કે સેવાઓ કોઈપણ અવરોધ, વિલંબ અથવા મોકૂફી વગર હંમેશા ઉપલબ્ધ રહેશે અને તે સાથે બેંક શરતોમાં કોઈપણ ફેરફાર, ઘટાડા કે તેને લાદવા માટે અથવા કોઈપણ કારણોસર WhatsApp નો ઉપયોગ કરવામાં યૂઝરની અસમર્થતા માટે જવાબદાર અને ઉત્તરદાયી રહેશે નહીં.

r. યૂઝર સંમત થાય છે કે તેઓ સેવામાં કોઈપણ કારણોસર બેંક તરફથી કોઈપણ લિંક/મોબાઇલ/સિસ્ટમની નિષ્ફળતાને કારણે થતા અવરોધ સહિત કોઈપણ મોકૂફી, વિક્ષેપ, બિન-ઉપલબ્ધતા અથવા ખામીને કારણે બેંક સામે કોઈ દાવો કરશે નહીં.

s. બેંકને, યૂઝરને કોઈપણ સૂચના આપ્યા વિના, પોતાના સંપૂર્ણ વિવેકાધિકાર અનુસાર, પોતાને યોગ્ય લાગે તે કોઈપણ સમયે યૂઝરનો સેવાનો ઉપયોગ કરવાનો અધિકાર પાછો ખેંચવાનો અધિકાર છે.

t. આ નિયમો અને શરતોને બેંક દ્વારા કોઈપણ પૂર્વ સૂચના વિના, બેંકના સંપૂર્ણ વિવેકાધિકારથી, કોઈપણ સમયે પાછા ખેંચી શકાય છે, બદલી શકાય છે અથવા સુધારી શકાય છે.

u.બેંક ગ્રાહક દ્વારા પ્રદાન કરેલ ગ્રાહકના મોબાઇલ નંબર અને/અથવા ઇમેઇલ ઍડ્રેસ પર ઍલર્ટ અને ખાતા સંબંધિત માહિતી મોકલશે. બેંકને પ્રદાન કરેલ મોબાઇલ નંબર અને ઇમેઇલ ઍડ્રેસ સચોટ છે અને બેંકના રેકોર્ડમાં અપ-ટૂ-ડેટ રહે તે સુનિશ્ચિત કરવાની સંપૂર્ણ જવાબદારી ગ્રાહકની છે

v.એક્સિસ બેંક ગ્રાહક અધિકાર નીતિ -
https://www.axis.bank.in/docs/defaultsource/noticeboard/importantnotice/customer--

rights-policy.pdf

w. એક્સિસ બેંક હેલ્પડેસ્ક અને ફરિયાદ નિવારણ પૉલિસીના નિયમો અને શરતો - https://www.axis.bank.in/docs/default-source/default-document-library/grievance-redressal/grievance-redressal-policy.pdf?sfvrsn=3866ba1d_14

## 7. સુરક્ષાના ઉપાયો -

a. યૂઝર આથી બિનશરતી અને અફર રીતે સમજે છે અને સંમત થાય છે કે તેઓ: a) પાસવર્ડને તેમના ડિવાઇસમાં સંપૂર્ણપણે અને સખત રીતે ગોપનીય રાખશે અને કોઈપણ સંજોગોમાં તેમના કોઈપણ પાસવર્ડ અન્ય વ્યક્તિને જાહેર કરશે નહીં; b) પાસવર્ડને યાદ રાખશે અને કોઈપણ પાસવર્ડને લેખિત અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં રેકોર્ડ કરશે નહીં; c) તેમના ડિવાઇસનો ઍક્સેસ કોઈપણ અનધિકૃત વ્યક્તિને આપશે નહીં અથવા તેમના WhatsApp ને ઍક્સેસ કરતી વખતે તેમનું ડિવાઇસ પોતાનાથી દૂર રાખશે નહીં; d) પોતાના ડિવાઇસના ઍક્સેસને લૉક/પ્રતિબંધિત કરવા માટે અને કોઈપણ અનધિકૃત ઍક્સેસથી સુરક્ષિત કરવા માટે પાસકોડ કે પાસવર્ડ કે પિન કે સમાન પ્રકૃતિની સુરક્ષા કી લગાવશે અને આવા પાસકોડ/ પાસવર્ડ/ પિન/ સુરક્ષા કીને અન્ય કોઈપણ વ્યક્તિ સાથે શેર કરશે નહીં; e) ડિવાઇસ પર ડિવાઇસ પ્રદાતા દ્વારા લાગુ કરી શકાય તેવા પ્રતિબંધોને હટાવશે નહીં; f) પર્યાપ્ત એન્ટી-વાઇરસ સુરક્ષા સ્થાપિત કરવા સહિત કોઈપણ રેન્સમવેર, માલવેર, વાઇરસ અથવા અન્ય કોઈપણ સુરક્ષા જોખમના ડિવાઇસમાં પ્રવેશ કરવા સામે પર્યાપ્ત સાવચેતીઓ લેશે.

યૂઝર અહીં સંમત થાય છે અને સ્વીકારે છે કે તેઓ હંમેશા ઉપર ઉલ્લેખિત કર્યા મુજબ તેમના સિમ કાર્ડ, ડિવાઇસ અને તેમાં ઇન્સ્ટોલ કરેલ એપ્લિકેશનો, ખાસ કરીને WhatsApp, લૉગ-ઇન આઇડી, યૂઝરની માહિતી, સુરક્ષા વિગતો અને પાસવર્ડની સુરક્ષા અને સલામતી માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે અને આથી સંપૂર્ણપણે સંમત થાય છે કે તેમાં થતા ચેડાંને કારણે બેંક કોઈપણ કાર્યવાહી અથવા ચૂકથી થતા કોઈપણ પ્રત્યક્ષ અથવા પરોક્ષ અથવા પરિણામી અથવા અન્ય નુકસાન માટે જવાબદાર રહેશે નહીં. વધુમાં યૂઝર સંમત થાય છે કે તેઓ તેમનું સિમ કાર્ડ ગુમાવવા અથવા તેના સિમ કાર્ડને બીજા ડિવાઇસમાં ટ્રાન્સફર કરવાના જોખમોને સમજે છે. બેંક યૂઝર ને, WhatsApp પર સેવાઓનો ઉપયોગ કરવાના હેતુ માટે, તેમનું ડિવાઇસ બદલતી વખતે WhatsApp એપ્લિકેશન હટાવવાની ભારપૂર્વક સલાહ આપે છે. વધુમાં યૂઝર તેના ક્યૂઆર કોડ સાથે ચેડાં થવાના જોખમો અને તેના WhatsApp પર તેની અસરોને સમજે છે, જેમાં યૂઝરના WhatsApp અને સેવાઓમાં થર્ડ પાર્ટીની ઍક્સેસનો સમાવેશ થાય છે. યૂઝર સંમત થાય છે કે યૂઝરના WhatsApp માં આવા કોઈપણ ચેડાં થવાની સ્થિતિમાં બેંક કોઈ જવાબદારી સ્વીકારશે નહીં અને આવી કોઈપણ ઘટના માટે બેંક જવાબદાર રહેશે નહીં. વધુમાં, યૂઝર સંમત થાય છે અને સમજે છે કે વેબ લૉગ ઇનનો ઉપયોગ કરવા સહિત એક જ સમયે એકથી વધુ ડિવાઇસ પર WhatsApp લૉગ ઇન પણ કરી શકાય છે અને યૂઝર સેવાઓનો લાભ લેતી વખતે આ સંબંધમાં વિવિધ જોખમો જેમકે યૂઝરની માહિતી સાથે ચેડાં, યૂઝરના ડિવાઇસ સિવાયના ડિવાઇસમાંથી યૂઝરના WhatsApp ખાતાની સુરક્ષાનો ભંગ વગેરેથી માહિતગાર છે. અને યૂઝર સતર્ક અને સાવચેત રહેવાનું વચન આપે છે અને તેમના WhatsApp ખાતાની સુરક્ષા માટે સંપૂર્ણ જવાબદારી લે છે. આ સેવાનો ઉપયોગ કરવાથી અથવા તેના સંબંધમાં ઉદ્ભવતા પરિણામો માટે બેંક તમારા અથવા કોઈપણ થર્ડ પાર્ટી માટે જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે નહીં.

યૂઝર એ પણ સંમત થાય છે અને સ્વીકારે છે કે આવા કોઈપણ ઇમેઇલ/ફોન નંબર/પ્રમાણીકરણ ફોર્મ ફેક્ટર/ગ્રાહકના રજિસ્ટર્ડ મોબાઇલ નંબરનો ઍક્સેસ ધરાવતા કોઈપણ વ્યક્તિને, યૂઝર દ્વારા યોગ્ય રીતે અધિકૃત માનવામાં આવશે અને તે યૂઝર માટે તેમજ યૂઝર વતી કાર્ય કરશે, જેની પાસે બેંકની પ્રત્યે આ નિયમો અને શરતોની સ્વીકૃતિ સહિત તદનુસાર કોઈપણ કાર્યવાહી માટે યૂઝરને અટલ રીતે બાધ્ય કરવાનો અધિકાર અને ઈરાદો રહેશે.

જોકે, જો સેવાઓ માટે કોઈ વિનંતી WhatsApp પર બેંક રજિસ્ટર્ડ નંબર પર આવે છે, તો બેંકને ગ્રાહક અથવા યૂઝરને પ્રમાણિત કરવાની જરૂર રહેશે નહીં, અને ગ્રાહકના કિસ્સામાં, જો વિનંતીકર્તાના ડિવાઇસમાં દર્શાવેલ નંબર ગ્રાહકનો રજિસ્ટર્ડ નંબર હોય, તો બેંક એ માનવા માટે હકદાર રહેશે કે તે ગ્રાહક પોતે જ WhatsApp દ્વારા વાતચીત કરે છે અને અન્ય કોઈપણ યૂઝરના કિસ્સામાં બેંક એવું માનવા માટે હકદાર રહેશે કે WhatsApp પ્રોફાઇલમાં દર્શાવેલ નંબર યૂઝરનો નંબર છે અને બેંકના રજિસ્ટર્ડ નંબર સાથે વાતચીત કરનાર વ્યક્તિ યૂઝર પોતે જ છે અને કોઈ અન્ય વ્યક્તિ નહીં.

b. એફડી/આરડી ખોલવા અને ચેક ચુકવણી ટ્રાન્ઝૅક્શન રોકવા માટે, ગ્રાહકોને સૂચિત કરવામાં આવે છે કે એકવાર પ્રમાણિત થયા પછી ટ્રાન્ઝૅક્શન બંધ કરી શકાતા નથી અને તેથી તેમને બે વાર ખાતા નંબર તપાસવાની સલાહ આપવામાં આવે છે.

ચેક ચુકવણી ટ્રાન્ઝૅક્શન રોકવા માટે, ગ્રાહકને ચેક નંબરના છેલ્લા 4 અંકો દાખલ કરવા માટે કહેવામાં આવે છે, પછી સફળ ઓટીપી માન્યતા પછી, ચેક વાસ્તવિક સમયના આધારે રોકવામાં આવે છે.

## 8. જોખમો

યૂઝર આથી સ્વીકારે છે કે તેઓ પોતાના જોખમ પર સેવાનો લાભ લઈ રહ્યા છે અને યૂઝર કોઈપણ જોખમો માટે બેંકને જવાબદાર અથવા ઉત્તરદાયી ઠેરવશે નહીં. ઉપર ઉલ્લેખિત જોખમો ઉપરાંત, આ જોખમોમાં નીચેનાનો સમાવેશ થશે પરંતુ તે સુધી મર્યાદિત રહેશે નહીં:

### a) પાસવર્ડનો દુરુપયોગ:

યૂઝર સ્વીકારે છે કે જો કોઈ ત્રીજા વ્યક્તિ યૂઝરના ડિવાઇસ અથવા સિમ કાર્ડ અથવા યૂઝરના WhatsApp નો ઍક્સેસ મેળવે છે, તો આવી થર્ડ પાર્ટી યૂઝરના ખાતા સંબંધિત માહિતી સહિત યૂઝરની માહિતીને ઍક્સેસ કરવાની સ્થિતિમાં હોઈ શકે છે, જે યૂઝરના ખાતાનું બૅલેન્સ, મિની બેંક સ્ટેટમેન્ટ વગેરે જેવી ગોપનીય હોઈ શકે છે. યૂઝર હંમેશા સુનિશ્ચિત કરશે કે WhatsApp અને યૂઝરના ડિવાઇસ અને પાસવર્ડના ઉપયોગ પર લાગુ પડતા નિયમો અને શરતોનું સખત રીતે પાલન કરવામાં આવે છે.

### b) ઇન્ટરનેટ છેતરપિંડી:

ઇન્ટરનેટ પોતે જ અનેક છેતરપિંડી, દુરુપયોગ, હૅકિંગ, ફિશિંગ અને અન્ય કાર્યવાહીઓ માટે સંવેદનશીલ છે જે સેવાઓનો ઉપયોગ કરતી વખતે યૂઝરને ઉપલબ્ધ માહિતીની સુરક્ષાને જોખમમાં મૂકી શકે છે. જ્યારે બેંકનો હેતુ તેને રોકવા માટે સુરક્ષા પ્રદાન કરવાનો છે, ત્યારે તે આવી ઇન્ટરનેટ છેતરપિંડી, હૅકિંગ, ફિશિંગ અને અન્ય કૃત્યોથી કોઈપણ સુરક્ષાની ગેરંટી આપી શકતી નથી જે સેવાઓનો લાભ લેવા માટે બેંકને આપેલી કોઈપણ સૂચના(ઓ)ને અસર કરી શકે છે. તેનાથી ઉદ્ભવતા તમામ જોખમોની ચોકસાઈ/ મૂલ્યાંકન યૂઝર દ્વારા કરવામાં આવેલ છે.

### c) ભૂલો અને ક્ષતિ:

કોઈપણ સેવા(ઓ)નો લાભ લેવા માટે, બેંકને યોગ્ય, સચોટ અને સંપૂર્ણ વિગતો પ્રદાન કરવાની રહેશે. ઉદાહરણ તરીકે, યૂઝર જાણે છે કે તેમણે જે ખાતાનું બૅલેન્સ મેળવવા માંગે છે તે ખાતાની જરૂરી વિગતો ભરવાની રહેશે. આ સંદર્ભમાં કોઈપણ અચોક્કસતાની સ્થિતિમાં, યૂઝર સ્વીકારે છે કે યૂઝરને એવા પ્રતિસાદ મોકલવામાં આવી શકે છે અથવા તે માહિતી બતાવી શકાય છે, જે તેમને લાગુ ના હોય અથવા સંતોષકારક પ્રતિસાદ મોકલવામાં ના પણ આવે, અને યૂઝર સંમત થાય છે કે આવી પરિસ્થિતિમાં આ સંદર્ભમાં યૂઝરને થયેલ કોઈપણ નુકસાન માટે બેંક જવાબદાર રહેશે નહીં. તેથી યૂઝર એ સુનિશ્ચિત કરવા માટે તમામ કાળજી લેશે કે કોઈ ભૂલો અને ક્ષતિઓ થાય નહીં અને આ સંદર્ભમાં યૂઝર દ્વારા બેંકને મોકલેલ મેસેજ/વિનંતી/પ્રશ્ન હંમેશા ક્ષતિ રહિત, સચોટ, યોગ્ય અને સંપૂર્ણ હોય. યૂઝર સંમત થાય છે કે બેંક યૂઝરના પોતાના જોખમ પર સેવાઓ પ્રદાન કરી રહી છે. યૂઝર સંમત થાય છે કે કોઈપણ ખામીયુક્ત અથવા અપૂર્ણ માહિતીને કારણે અથવા બેંકના નિયંત્રણની બહારના કારણોસર સૂચનાઓને અમલમાં મૂકવામાં કોઈપણ વિલંબને કારણે ઉદ્ભવતા કોઈપણ નુકસાન, હાનિ અથવા પરિણામો માટે બેંક જવાબદાર રહેશે નહીં. યૂઝર બેંક પ્રત્યે જવાબદાર અને ઉત્તરદાયી રહેશે અને સેવાઓનો લાભ લેતી વખતે તેમના દ્વારા મેળવેલ કોઈપણ અયોગ્ય અથવા અનુચિત લાભ માટે કોઈપણ પ્રશ્નો વગર બેંકની સૂચનાઓને સ્વીકારવા માટે સહમત થાય છે.

### d) ટેક્નોલોજીના જોખમો:

બેંક દ્વારા ઑફર કરવામાં આવતી સેવાઓને સક્ષમ કરવા માટેની ટેક્નોલોજી રેન્સમવેર, વાઇરસ અથવા અન્ય દુર્ભાવનાપૂર્ણ, વિનાશકારી અથવા દૂષિત કોડ, પ્રોગ્રામ અથવા મેક્રો અથવા અન્ય કોઈપણ સુરક્ષા જોખમથી પ્રભાવિત થઈ શકે છે. એવું પણ શક્ય છે કે બેંકની સાઇટને જાળવણીની જરૂર પડી શકે છે અને આવા સમય દરમિયાન યૂઝરની વિનંતી પર પ્રક્રિયા કરવી શક્ય

ન હોય. આના પરિણામે સૂચનાઓની પ્રક્રિયામાં વિલંબ અથવા સૂચનાઓની પ્રક્રિયામાં નિષ્ફળતા અને આવી અન્ય નિષ્ફળતાઓ અને અસમર્થતા થઈ શકે છે. યૂઝર સમજે છે કે બેંક તમામ અને કોઈપણ જવાબદારીનો અસ્વીકાર કરે છે, પછી ભલે તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ હોય, પછી ભલે તે નફાના નુકસાનને કારણે અથવા અન્યથા કોઈપણ કારણસર બેંક દ્વારા કોઈપણ યૂઝર સૂચનાનું પાલન કરવામાં નિષ્ફળતા અથવા અસમર્થતાને કારણે ઉદ્ભવતી હોય.
યૂઝર સ્પષ્ટ અને બિનશરતી રીતે સમજે છે અને સ્વીકારે છે કે ઉપરોક્ત કોઈપણ જોખમો માટે બેંક જવાબદાર રહેશે નહીં. યૂઝર એ પણ સ્વીકારે છે કે ઉક્ત જોખમોના સંદર્ભમાં બેંક તમામ જવાબદારીનો અસ્વીકાર કરશે.

**9. માહિતીની ચોકસાઈ**

યૂઝર સંમત થાય છે કે સેવાઓ મેળવતી વખતે બેંકને પૂરી પાડવામાં આવેલી માહિતીની યોગ્યતા અને ચોકસાઈ માટે તેઓ જવાબદાર છે. યૂઝર દ્વારા પૂરી પાડવામાં આવેલી ભૂલભરેલી, અપૂર્ણ, ખામીયુક્ત, ખોટી માહિતીથી ઉદ્ભવતા પરિણામો માટે બેંક કોઈ જવાબદારી અને ઉત્તરદાયિત્વ સ્વીકારતી નથી. યૂઝર સંમત થાય છે કે જો તેમને કોઈપણ સેવાઓના ઉપયોગ દ્વારા યૂઝરને પૂરી પાડવામાં આવેલી કોઈપણ માહિતીમાં કોઈપણ ભૂલ, અચોક્કસતા વિશે જાણ થશે, તો યૂઝર બેંકને શક્ય તેટલી વહેલી તકે જાણ કરશે. બેંક તરત જ ભૂલને સુધારવાનો પ્રયત્ન કરશે. યૂઝર સંમત થાય છે કે વિનંતી કરવા પર WhatsApp પર દેખાતા સ્ટેટમેન્ટના તમામ આઉટપુટ બેંક દ્વારા જાળવવામાં આવતી કમ્પ્યુટરાઇઝ્ડ બૅકઅપ સિસ્ટમમાંથી લેવામાં આવેલી માહિતી છે અને તેને કદાચ વાસ્તવિક સમયમાં સતત અપડેટ કરાયેલ નથી. બેંક પોતાની સિસ્ટમમાં છેલ્લે અપડેટ થયેલી માહિતી પ્રદાન કરશે. જ્યારે બેંક સ્ટેટમેન્ટની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે તમામ વાજબી પગલાં લેશે, પરંતુ બેંક કોઈપણ ભૂલ માટે જવાબદાર નથી અને આવી માહિતી પર આધાર રાખીને યૂઝર દ્વારા લેવામાં આવેલા કોઈપણ નુકસાન અથવા કાર્યવાહી માટે બેંક જવાબદાર રહેશે નહી. યૂઝર વધુમાં સંમત થાય છે કે જો ઉપરોક્ત આઉટપુટમાં સમાવિષ્ટ માહિતી અચોક્કસ/ખોટી હોવાનું બહાર આવે, તો તેને કારણે તેમણે ભોગવવા કે વાહન કરવા પડતા કોઈપણ નુકસાન, ખોટ, જવાબદારીઓ, સેટલમેન્ટ, ખર્ચ, લાગત અથવા દંડ સામે તેઓ બેંકને હાનિરહિત રાખશે અને ક્ષતિપૂર્તિ કરશે.

**10. જવાબદારી**

યૂઝર સંમત થાય છે કે તેમના WhatsApp ના અનધિકૃત ઉપયોગથી અને/અથવા સેવાઓનો લાભ લેતી વખતે કરવામાં આવેલી વિનંતીઓ માટે અને/અથવા આ નિયમો અને શરતોના કોઈપણ ઉલ્લંઘન માટે અથવા જો તેમણે નીચે આપેલ સહિતના બેદરકારીભર્યા કાર્યો દ્વારા નુકસાન માટે કોઈપણ રીતે યોગદાન આપ્યું હોય અથવા નુકસાન પહોંચાડ્યું હોય, તો તેઓ તમામ નુકસાન માટે જવાબદાર રહેશે:
a) યૂઝરના ડિવાઇસ પાસવર્ડનો લેખિત અથવા ઇલેક્ટ્રોનિક રેકોર્ડ રાખવો;
b) યૂઝરના WhatsApp અને/અથવા ક્યૂઆર કોડની જાહેરાત કરવી અથવા જાહેરાતને રોકવા તમામ વાજબી પગલાં લેવામાં નિષ્ફળ થવું અને/અથવા આવી જાહેરાત વિશે વાજબી સમયગાળામાં બેંકને જાણ કરવામાં નિષ્ફળ થવું.
c) યૂઝરનું WhatsApp જે સિમ કાર્ડ પર રજિસ્ટર્ડ હોય તે ખોવાઈ જવું;
d) યૂઝરનું WhatsApp જે સિમ કાર્ડ પર રજિસ્ટર કરેલ હોય તે સિમ કાર્ડને અગાઉના ડિવાઇસમાંથી WhatsApp એપ્લિકેશનને હટાવ્યા વિના અન્ય ડિવાઇસમાં ટ્રાન્સફર કરવું.
e) પોતાના WhatsApp પર અનધિકૃત ઍક્સેસ અથવા ભૂલથી થયેલ ટ્રાન્ઝૅક્શન/ સેવાઓના ઉપયોગ વિશે વાજબી સમયગાળામાં બેંકને જાણ ના કરવી. આ સેવાના ઉપયોગથી અથવા તેના સંબંધમાં ઉદ્ભવતા પરિણામો માટે બેંક યૂઝર અથવા કોઈપણ થર્ડ પાર્ટી માટે જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે નહીં અને ઉપરોક્ત કોઈપણ કારણો સહિત અને ઉપરોક્ત કોઈપણને કારણે ઉદ્ભવતા પરિણામોની સમગ્ર જવાબદારી અને ઉત્તરદાયિત્વ સંપૂર્ણપણે યૂઝર પર રહેશે. યૂઝર સંમત થાય છે કે કુદરતી આફતો, પૂર, આગ અને અન્ય કુદરતી આફતો, કાનૂની નિયંત્રણો, ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક અથવા ઇન્ટરનેટમાં ખામી અથવા નેટવર્કની નિષ્ફળતા, સૉફ્ટવેર અથવા હાર્ડવેરની ત્રુટિ અથવા બેંકના નિયંત્રણની બહારના કોઈપણ અન્ય કોઈપણ કારણોસર, પરંતુ તેના સુધી જ મર્યાદિત ન હોય તેવા પણ કારણોસર, જો સેવાઓ કે યૂઝર ઈચ્છિત રીતે/ અહીં આપેલ રીતે સેવાઓ માટે રજિસ્ટર કરવામાં અસમર્થ હોય, તો બેંક કોઈપણ સંજોગોમાં યૂઝર પ્રત્યે જવાબદાર રહેશે નહીં. બેંક કોઈપણ સંજોગોમાં કોઈપણ પ્રકારના નુકસાન માટે જવાબદાર રહેશે નહીં, પછી ભલે આવા નુકસાન પ્રત્યક્ષ, પરોક્ષ, આકસ્મિક, પરિણામલક્ષી હોય કે પછી ભલે દાવો આવક, રોકાણ, ઉત્પાદન, શાખ, નફો, બિઝનેસમાં વિક્ષેપ અથવા અન્ય કોઈપણ રીતે થયેલ નુકસાનથી ઉદ્ભવ્યો હોય

કે ભલે તે યૂઝર અથવા અન્ય વ્યક્તિ દ્વારા વહન કરવામાં આવેલ હોય. વધુમાં, તકનીકી ખામી/ત્રુટી અથવા ટેલિકમ્યુનિકેશન નેટવર્કમાં કોઈપણ નિષ્ફળતા અથવા કોઈપણ સૉફ્ટવેર અથવા હાર્ડવેર સિસ્ટમમાં કોઈપણ ભૂલને કારણે કોઈપણ સેવાઓ/સુવિધામાં વિક્ષેપ અથવા અનુપલબ્ધતાને કારણે કોઈપણ નુકસાન, ખોટ (પ્રત્યક્ષ અથવા પરોક્ષ) માટે બેંક જવાબદાર રહેશે નહીં. યૂઝર વધુમાં સંમત થાય છે કે WhatsApp એપ્લિકેશન એ એક સ્વતંત્ર થર્ડ પાર્ટીની માલિકીની છે અને તેનું નિયંત્રણ બેંક સાથે સંલગ્ન નથી. બેંક, WhatsApp અને તેની સાથે/તેમાંથી /તેની અંદર જોડાયેલ એન્ટિટીની ગોપનીયતા અથવા સુરક્ષા નીતિઓ માટે જવાબદાર નથી અને ઉક્ત એપ્લિકેશનના ઉપયોગથી યૂઝરને થયેલા કોઈપણ નુકસાન માટે જવાબદારી સ્વીકારતી નથી. યૂઝર સંપૂર્ણપણે સમજે છે કે બેંક, WhatsApp ના પ્રૉડક્ટ અથવા સેવાઓ અથવા તેના પર દેખાતી કોઈપણ જાહેરાત વગેરેને સમર્થન આપતી નથી.

## 11. યૂઝરની માહિતી -

યૂઝર સમજે છે અને સંમત થાય છે કે બેંક દ્વારા WhatsApp પર યૂઝરની માહિતી અથવા યૂઝર સંબંધિત કોઈપણ અન્ય ડેટાના અનધિકૃત ઉપયોગ અથવા આકસ્મિક જાહેરાતને રોકવા માટે પ્રક્રિયાઓ અને ટેક્નોલોજી તૈનાત કરવામાં આવેલ છે, તેમ છતાં યૂઝર સમજે છે અને સ્વીકારે છે કે સેવાઓનો ઉપયોગ કરીને, યૂઝરની માહિતી અને સેવાઓના સંબંધમાં યૂઝરના કોઈપણ અન્ય ડેટાને એપ્લિકેશન/ વેબસાઇટ/વેબપેજ અને WhatsApp ના સર્વર પર પણ સ્ટોર કરી શકાય છે, જે બેંકના નિયંત્રણની બહાર છે અને બેંક યૂઝરની માહિતી અથવા તેમાં સંગ્રહિત અન્ય કોઈપણ ડેટાની સુરક્ષાની ગેરંટી આપી શકતી નથી. યૂઝર બિનશરતી અને અફર રીતે સંમત થાય છે અને સ્વીકારે છે કે બેંકના નિયંત્રણની બહાર આવી યૂઝરની માહિતી/ડેટામાં કોઈપણ ચેડાં માટે બેંક જવાબદાર નથી અને યૂઝર સ્વીકારે છે કે તે પોતાની ઇચ્છા અને જોખમ પર તેની માહિતી પૂરી પાડે છે. આથી યૂઝર આથી સ્પષ્ટપણે બેંકને (પોતે અથવા તેના કોઈપણ સેવા પ્રદાતાઓ દ્વારા કાર્ય કરે, અને સ્વચાલિત રીતે અથવા અન્યથા) યૂઝરની માહિતીના સંબંધમાં, મારા/અમારા વિશે હોય કે ન હોય, બેંક દ્વારા તેના હેતુઓ માટે સંબંધિત માનવામાં આવે તે મુજબ, નીચેનામાંથી કોઈપણ કાર્ય કરવા અને હાથ ધરવા માટે સંમતિ આપે છે અને અધિકૃત કરે છે:
i) મારી પાસેથી અથવા તે જ ક્રેડિટ માહિતી કંપનીઓને ઍક્સેસ કરતા WhatsApp સહિતના અન્ય ભૌતિક અથવા ઑનલાઇન સ્રોતો પાસેથી યૂઝરની માહિતી એકત્રિત કરવા, ઑનલાઇન ડેટા બેઝ સહિતના કોઈપણ સ્રોતો અને વ્યક્તિઓ પાસેથી ચકાસણી કરેલ યૂઝરની માહિતીની પ્રામાણિકતા, ખરાઈ, પર્યાપ્તતા વગેરે મેળવવા; અને ઑનલાઇન પ્લેટફોર્મ પર મારા/અમારા લૉગ-ઇન અને પાસવર્ડ ક્રેડેન્શિયલનો ઉપયોગ કરવા સહિત યૂઝર માહિતીને ઍક્સેસ કરવા, એકત્રિત કરવા અથવા ચકાસણી કરવા માટે મારા/અમારા વતી કાર્ય કરવા; આવા એકત્રીકરણ, ઍક્સેસ અને ચકાસણી મને/અમને કોઈપણ સૂચના વિના કરી શકાય છે;
ii)બેંકને યોગ્ય લાગી શકે તેમ સંગ્રહ, સંરચના, આયોજન, પુનરુત્પાદન, નકલ, ઉપયોગ, પ્રોફાઇલિંગ વગેરે સહિતના માધ્યમ દ્વારા યૂઝરની માહિતી પર પ્રક્રિયા કરવી;

iii) કરાર માટે, કાયદા દ્વારા અથવા બેંકના પુરાવા અને દાવાના હેતુસર, જે પણ વધુ હોય તે સમયગાળા માટે યૂઝરની માહિતીને સંગ્રહિત કરવી;

iv) સેવા પ્રદાતાઓ, સલાહકારો, ક્રેડિટ માહિતી કંપનીઓ, અન્ય બેંકો અને નાણાંકીય સંસ્થાઓ, સહયોગીઓ, પેટાકંપનીઓ, નિયમનકારો, તપાસ એજન્સીઓ, ન્યાયિક, અર્ધ-ન્યાયિક અને વૈધાનિક ઑથૉરિટી અથવા અન્ય વ્યક્તિઓને, જે કરાર અથવા કાનૂની આવશ્યકતાઓના સંદર્ભમાં અથવા બેંકના કાયદેસર હિતોના સંદર્ભમાં અથવા સંમતિ મુજબ જરૂરી હોઈ શકે તેમ યૂઝરની માહિતીને શેર કરવી અને જાહેર કરવી;

v) ઉપર ઉલ્લેખિત હેતુઓ માટે ઉપરોક્ત કોઈપણ બાબતો બેંક દ્વારા, ક્રેડિટ મૂલ્યાંકન, છેતરપિંડીની શોધ, મની લૉન્ડરિંગ વિરોધી જવાબદારીઓના હેતુસર, કરાર કરવા માટે, ડાયરેક્ટ માર્કેટિંગ માટે, ક્રેડિટ સ્કોરિંગ મોડેલ અને બિઝનેસ વ્યૂહરચનાઓ વિકસાવવા માટે, દેખરેખ રાખવા માટે, સેવાઓ અને પ્રૉડક્ટની ગુણવત્તાનું મૂલ્યાંકન અને સુધારણા કરવા માટે, અન્ય કાયદેસર હેતુઓ માટે અથવા સંમતિ સાથે કોઈપણ હેતુઓ માટે ઉપયોગમાં લઈ શકાય છે.

યૂઝર સ્વીકારે છે કે બેંકે સેવાઓ, સંગ્રહ, સૉફ્ટવેર/હાર્ડવેરની જરૂરિયાતો, વિનંતીઓની પ્રક્રિયા, એન્જિન, પ્રતિસાદ વગેરે સંબંધિત વિવિધ પાસાઓ માટે સમયાંતરે સેવા પ્રદાતાની નિમણૂક કરી છે/ કરી શકે છે. યૂઝરને તેની સામે કોઈ વાંધો નથી. યૂઝર આથી પુષ્ટિ આપે છે કે ઉપરોક્ત (i) થી (v) માંથી કોઈપણમાં તમામ અધિકૃતતાઓ અને અધિકારો બેંકના સેવા પ્રદાતાઓને પણ વિસ્તરે છે અને ઉપર આપવામાં આવ્યા છે, જેમાં બેંક અને તેના સેવા પ્રદાતાઓ વચ્ચેના તમામ શેરિંગ અને

જાહેરાતોનો સમાવેશ થાય છે. યૂઝર આ દ્વારા બેંક અને/અથવા તેના સહયોગીઓને યૂઝરની માહિતીનો ઉપયોગ કરવા અને સમયાંતરે તેમના વિવિધ પ્રૉડક્ટ અને સેવાઓનું ક્રોસ-સેલિંગ કરવા માટે સ્પષ્ટપણે સંમત થાય છે.

## 12. ગોપનીયતા નીતિ

યૂઝર દ્વારા બેંકની ગોપનીયતા નીતિ વાંચી, સમજી અને સ્વીકાર કરેલ છે, જે https://www.Axisbank.com/aboutus/terms_conditions/privacy.htm ("**ગોપનીયતા નીતિ**") પર મળી શકે છે - બેંક દ્વારા સમય-સમય પર કરવામાં આવતા તમામ ફેરફારો યૂઝર પર બંધનકર્તા રહેશે અને યૂઝર આ હેતુ માટે બેંકની વેબસાઇટનો ઉપયોગ કરીને સમય-સમય પર અમલમાં રહેલી ગોપનીયતા નીતિઓ માટે સમયાંતરે પોતાને અપડેટ રાખશે.

## 13. ક્ષતિપૂર્તિ

યૂઝર બેંક અને તેના અધિકારીઓ/કર્મચારીઓને આ નિયમો અને શરતોના કોઈપણ નિયમો, શરતો, સ્ટેટમેન્ટ, બાંયધરીની રજૂઆતો અને વૉરંટીના ભંગના તમામ પરિણામોથી તેમજ તેની બાંયધરીની રજૂઆતો અને વૉરંટી કોઈપણ સમયે સત્ય હોવાનું ન જણાય, જેમાં કોઈપણ કાર્યવાહીઓ, નોટિસો, દાવાઓ, ક્રિયાઓ, ક્ષતિઓ, જવાબદારીઓ, નુકસાન, ખર્ચા અથવા ટૅક્સ, જે કોઈપણ થર્ડ પાર્ટી સહિત બેંક દ્વારા સામનો કરાયેલ, ભોગવવામાં આવેલ અથવા વહન કરેલ હોય, તેનો સમાવેશ થાય છે, તેના તમામ પરિણામોથી સંપૂર્ણપણે ક્ષતિપૂર્તિ કરવા અને હાનિરહિત રાખવાની બાંયધરી આપે છે

## 14. સેવાઓ પાછી ખેંચવી

બેંક કોઈપણ સમયે, યૂઝર પાસેથી કોઈપણ પરવાનગી અથવા સૂચના આપ્યા વિના, પોતાના એકમાત્ર અને સંપૂર્ણ વિવેકાધિકારથી કોઈપણ સેવાઓના ઉપયોગને પરત ખેંચવા/ બંધ કરવા/ સ્થગિત/ અસ્વીકાર કરવા માટે હકદાર રહેશે.

## 15. નિયમો અને શરતોનું બંધનકર્તા સ્વરૂપ

યૂઝર સંમત થાય છે કે સેવાનો ઉપયોગ કરીને, એક તરફી સંદેશાવ્યવહાર અને/અથવા બે તરફી સંદેશાવ્યવહાર, WhatsApp પર બેંકના રજિસ્ટર્ડ નંબર પર કોઈપણ સંદેશાવ્યવહાર/ મેસેજ મોકલીને, અહીં આપેલ રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરીને, આ નિયમો અને શરતોને સ્વીકારીને અને/અથવા ગોપનીયતા નીતિને સ્વીકારીને, યૂઝર દ્વારા આ તમામ નિયમો અને શરતોને વાંચી, સમજી અને અપરિવર્તનીય રીતે અને બિનશરતી રીતે સ્વીકાર કરેલ અને સંમત થયેલ માનવામાં આવશે તેમજ આવા નિયમો અને શરતો યૂઝર દ્વારા લેખિતમાં સંમત થયા હોય તે જ રીતે યૂઝર પર બંધનકર્તા રહેશે.

## 16. માલિકીના અધિકારો

યૂઝર સ્વીકારે છે કે સૉફ્ટવેર/અન્ય ઇન્ટરનેટ સંબંધિત સૉફ્ટવેર જે આ પ્રક્રિયામાં બેંકની સેવાઓ અથવા કોઈપણ બૌદ્ધિક સંપત્તિ અધિકારો પ્રદાન કરવા માટે જરૂરી છે તે બેંક/સંબંધિત વિક્રેતાઓની કાનૂની સંપત્તિ છે. બેંક દ્વારા યૂઝરને સેવાઓનો લાભ લેવા માટે આપવામાં આવેલી પરવાનગી બેંકના ઉપરોક્ત સૉફ્ટવેર અથવા બૌદ્ધિક સંપદા અધિકારોમાં યૂઝરને અથવા કોઈપણ વ્યક્તિને કોઈપણ અધિકાર, માલિકી આપશે નહીં અથવા હિત બનાવશે નહીં અથવા હસ્તાંતરણ કરશે નહીં. યૂઝર સંમત થાય છે કે તેઓ આવા સૉફ્ટવેરમાં ફેરફાર, અનુવાદ, ડિસએસેમ્બલ, ડિકમ્પાઇલ અથવા રિવર્સ એન્જિનિયર કરવાનો અથવા આ સૉફ્ટવેરના આધારે કોઈપણ ડેરિવેટિવ પ્રૉડક્ટ બનાવવાનો પ્રયત્ન કરશે નહીં.

## 17. સેવાઓનું ડી-રજિસ્ટ્રેશન -

યૂઝર સમય-સમય પર બેંક દ્વારા સૂચવેલ પ્રક્રિયાને અનુસરીને કોઈપણ સમયે સેવાઓના રજિસ્ટ્રેશન/ સબસ્ક્રિપ્શનને હટાવવાની વિનંતી કરી શકે છે. જો કે, આ અમલમાં આવવા માટે, બેંક દ્વારા જરૂરી સમય લાગી શકે છે. યૂઝર સંમત થાય છે કે આવી સેવાઓના કૅન્સલેશન પર બેંક દ્વારા અમલ કરતા પહેલાં સેવાઓનો ઉપયોગ કરીને બેંકને મોકલવામાં આવેલી કોઈપણ

વિનંતીઓ/મેસેજો માટે તેઓ જવાબદાર રહેશે. બેંક કોઈપણ કારણ જણાવ્યા વિના કોઈપણ સમયે યૂઝર દ્વારા સેવાઓના ઉપયોગને બંધ/ સ્થગિત/ સમાપ્ત કરવા માટે સ્વતંત્ર રહેશે. જો આ નિયમો અને શરતોનું ઉલ્લંઘન થયું હોય તો બેંક કોઈપણ પૂર્વ સૂચના વિના સેવાઓ/ સુવિધાઓને બંધ અથવા સ્થગિત અથવા સમાપ્ત કરી શકે છે.

**18. નોટિસ -**

બેંક અને યૂઝર આ નિયમો અને શરતો હેઠળ નોટિસ આપી શકે છે:
a) ઇલેક્ટ્રોનિક રીતે બેંકમાં રજિસ્ટર્ડ યૂઝરના ઇમેઇલ આઇડી, મોબાઇલ નંબર પર અને/અથવા WhatsApp મારફત. આવી નોટિસને લેખિતમાં હોવાનું માનવામાં આવશે.

b) લેખિતમાં તેમને હાથોહાથ આપીને અથવા યૂઝર દ્વારા આપેલ છેવટના સરનામાં પર પોસ્ટ દ્વારા મોકલીને.

c) બેંકને નીચેના સરનામાં પર નોટિસના કિસ્સામાં: એક્સિસ બેંક લિમિટેડ, એક્સિસ હાઉસ, સી-2, વાડિયા ઇન્ટરનેશનલ સેન્ટર, પાંડુરંગ બુધકર માર્ગ, વરલી, મુંબઈ 400 025 -

આ ઉપરાંત, બેંક સામાન્ય પ્રકૃતિની નોટિસ, જે તેની સેવાઓનો ઉપયોગ કરતા તમામ યૂઝરને લાગુ પડતી હોય, તેને પોતાની વેબસાઇટ અને/અથવા પોતાના નેટ બેંકિંગ પેજ પર પણ પ્રકાશિત કરી શકે છે. આવી સૂચનાઓનો પ્રભાવ યૂઝરને વ્યક્તિગત રીતે આપવામાં આવતી નોટિસની જેમ જ હશે.

**19. શાસકીય કાયદો અને વિવાદ નિરાકરણ**

આ નિયમો અને શરતો અને/અથવા WhatsApp મારફત પ્રદાન કરેલ સેવાઓનો ઉપયોગ ભારત ગણરાજ્યના કાયદાઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે અને કોઈ અન્ય રાષ્ટ્ર દ્વારા નહીં. આ નિયમો અને શરતો હેઠળ ઉદ્ભવતા કોઈપણ દાવાઓ અથવા વિવાદોના સંદર્ભમાં, યૂઝર ભારતના મુંબઈ ખાતે સ્થિત અદાલતોના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધિન રહેવા સંમત થાય છે.
બેંક ભારતીય ગણરાજ્ય સિવાયના કોઈપણ દેશના કાયદાઓનું પાલન ન કરવા માટે, કોઈપણ પ્રકારની, પ્રત્યક્ષ કે પરોક્ષ, કોઈ જવાબદારી સ્વીકારતી નથી. કોઈ ગ્રાહક દ્વારા ઇન્ટરનેટના માધ્યમથી ભારત સિવાયના અન્ય દેશમાં સેવાઓનો ઍક્સેસ કરી શકાય છે, માત્ર એ તથ્યના આધારે એવું અર્થઘટન ના કરવું જોઈએ કે તે દેશના કાયદાઓ આ નિયમો અને શરતો અને/અથવા સેવાઓના ઉપયોગને સંચાલિત કરે છે.

**20. સામાન્ય**

આ એગ્રીમેન્ટમાં કલમના શીર્ષકો માત્ર સુવિધા માટે છે અને સંબંધિત કલમના અર્થને પ્રભાવિત કરતા નથી. યૂઝર આ કરારને કોઈ અન્ય વ્યક્તિને સોંપવા માટે હકદાર રહેશે નહીં. બેંક કોઈપણ સેવાઓ અથવા કોઈપણ પ્રાસંગિક હેતુઓ માટે એજન્ટો સાથે પેટા કરાર કરીને તેમને નિયુક્ત કરી શકે છે. બેંક પોતાના કોઈપણ અધિકારો અને/અથવા જવાબદારીઓ અથવા તેના કોઈપણ ભાગને, યૂઝરને કોઈ સૂચના કે તેમની કોઈ પરવાનગીની જરૂરિયાત વગર, પોતાના વિવેકાધિકાર મુજબ કોઈપણ વ્યક્તિને સોંપી, ટ્રાન્સફર કરી શકે છે.

**21. સ્વીકૃતિ અને હસ્તાક્ષર**

**યૂઝર અહીં સ્પષ્ટપણે સ્વીકારે છે અને પુષ્ટિ કરે છે કે યૂઝર દ્વારા** બેંકના રજિસ્ટર્ડ નંબર પર મેસેજ મોકલીને / WhatsApp પર કોઈપણ સંદેશાવ્યવહાર મોકલીને અહીં ઑનલાઇન સમાવિષ્ટ તમામ નિયમો અને શરતોને વાંચ્યા, ચકાસ્યા, સમજ્યા, અફર રીતે સંમત થયા છે અને સ્વીકાર્યા છે અને તેનું પાલન કરવામાં આવ્યું છે. યૂઝર અહીં સ્પષ્ટપણે સ્વીકારે છે અને પુષ્ટિ કરે છે કે ઉપર આપેલ આ નિયમો અને શરતોને સ્વીકારતી અને તેના પર સહી કરતી વખતે, યૂઝર આ નિયમો અને શરતોમાં પ્રદાન કરેલી સેવાઓનો ઉપયોગ કરવાની પાત્રતા પૂર્ણ કરે છે અને તેના મુજબ યૂઝર (i) એક વ્યક્તિ છે; (ii) વયસ્ક છે; (iii) સ્વસ્થ મનના, સદ્ધર અને કરાર કરવા માટે સક્ષમ છે; (iv) ભારતના નિવાસી છે; અને (v) સેવાઓના ઉપયોગ સમયે
ભારતીય પ્રદેશમાં હાજર છે. બેંક પોતાના વિવેકાધિકાર મુજબ અગાઉ જણાવેલ આ દસ્તાવેજ અને યૂઝરની સહીના ઇલેક્ટ્રોનિક રેકોર્ડની પેપર કૉપી પ્રિન્ટ કરી શકે છે અથવા આવા કોઈપણ સ્વરૂપમાં પ્રસ્તુત કરી શકે છે, અને તે યૂઝર માટે સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે અને કરારની સ્વીકૃતિ, અમલીકરણ તેમજ સામગ્રીને સાબિત કરવા માટે કોઈપણ અદાલત, ટ્રિબ્યુનલ અથવા અન્યથા પ્રમાણ તરીકે બેંક દ્વારા રજૂ કરવામાં આવતા આવા પ્રિન્ટ-આઉટ અથવા અન્ય કોઈપણ સ્વરૂપ (બેંકના વિવેકાધિકાર મુજબ)

સામે યૂઝરને કોઈ વાંધો નથી.

**22. શુલ્ક**

શુલ્કની વિગતો, જ્યાં પણ લાગુ હોય ત્યાં, શુલ્કના શેડ્યૂલમાં સ્પષ્ટપણે જાહેર કરવામાં આવશે:
શુલ્ક અને ફી - તમામ લોન અને ખાતા સેવાઓ | એક્સિસ બેંક